# પગ મને ધોવા ધો રઘુરાય

(કાગબાપુ)

પગ મને ધોવા ધો રઘુરાય,
મને શક પડ્યો મનમાંય… ૦ટેક
રામ લક્ષ્મણ જાનકી એ, તીર ગંગાને જાય જી;
નાવ માગી નીર તરવા, ગુહ બોલ્યો ગમ ખાય… ૦ ૧
રજ તમારી કામણગારી, નાવ નારી થઈ જાય જી;
તો અમારી રંક જનની, આજીવિકા ટળી જાય… ૦ ૨
જોઈ ચતુરાઈ ભીલ જનની, જાનકી મુસકાય જી;
અભણ કેવું યાદ રાખે, ભણેલ ભૂલી જાય… ૦ ૩
આ જગતમાં દીન દયાળું, ગરજ કેવી ગણાય જી;
ઊભા રાખી આપને પછી, પગ પખાળી જાય… ૦ ૪
નાવડીમાં બા’વડી ઝાલી, રામની ભીલ રાય જી;
પાર ઉતારી પૂછ્યું તમે, શી લેશો ઊતરાય… ૦ ૫
નાયીની કદી નાયી લે નહીં, આપણે ધંધા ભાય જી;
‘કાગ’ લ્યે નહીં ખારવાની, ખારવો ઊતરાય… ૦ ૬

ભક્તિમિત્ર • bhaktimitra.in